વડીલોને વંદન અભિનંદન



રતનસિંહ મનુભા વાઘેલા
(૧૯૪૩) મો.૯૭૨૩૮૨૧૭૪૧

નંદાબેન એ. પરમાર
(૧૯૩૬) ફોન: ૨૩૨૨૨૪૪૦

સાંઈની તલાશમાં મોટેરા આશ્રમમાં સર્ચ ઓપરેશન

સૂરત પોલીસે વહેલી સવારે કાર્યવાહી કરી : પોલીસને સર્ચ ઓપરેશન દરમ્યાન નારાયણ સાંઈ વિરુદ્ધ મહત્વના પુરાવા મળ્યા : કોમ્પ્યુટર ડેટાની તપાસ કરાઈ

અમદાવાદ, તા.૨૧

સુરતની યુવતી પર બળાત્કારના કેસમાં છેલ્લા કેટલાય દિવસોથી ઈનામની જાહેરાત કરવા છતાં પણ કોઈ જ પત્તો લાગ્યો નથી. ત્યારે પોલીસને નારાયણસાંઈ અમદાવાદમાં છુપાયો હોવાની શંકા છે. આ શંકાને આધારે જ આજ વહેલી સવારે જ સુરત પોલીસના ધાડા મોટેરા આશ્રમમાં આવી યા છે અને સાંઈને શોધવાનું મેગા સર્ચઓફરેશન હાથ ધર્યું છે, તેમ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. જો કે, હવે સુત્રો પાસેથી નવી વાતો જાણવા મળી છે, તેમના જણાવ્યા પ્રમાણે કૌશિક વાણી આસારામ-સાંઈના હવાલા કૌભાંડમાં સંડોવાયેલો હતો. પોલીસને આ અંગેના કેટલાક પુરાવા પણ સાંપડ્યા છે જેને કારણે મોટું હવાલા કૌભાંડ બહાર આવે તેવી સંભાવનાઓ સુત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પોલીસ સર્ચ ઓપરેશન દરમિયાન સાંઈ વિરોધી મહત્વપૂર્ણ પુરાવાઓ મેળવ્યા હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. આશ્રમમાં તપાસ દરમિયાન પાંચ યુએસબી, ૧૫ હાર્ડડિસ્ક, પાંચ સીમકાર્ડ, ૩૦ વાઈફાઈ અને મહિલાઓના ફોટા મળ્યા છે. આ ઉપરાંત પોલીસ આશ્રમના કોમ્પ્યુટરના તમામ ડેટાની તપાસ કરી રહી છે. પોલીસને મળેલા મહિલાઓના ફોટામાંથી જો કોઈ ફોટા વાણી ઓળખે બતાવે તો મોટો ધડાકો થાય તેવી સંભાવના છે. સુત્રો તો એવું પણ જણાવી રહ્યા છે કે, સુરત પોલીસ ખૂબ મોટા મિશન સાથે આશ્રમમાં આવી છે. તેમણે સાધકોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે અને આશ્રમના ગુપ્ત સ્થાનોથી લઈ ખુણે ખુણામાં તપાસ હાથ ધરવામાં આવશે. આ તપાસનો દૌર સાંજ સુધી ચાલવાનો છે. પોલીસ સર્ચ ઓપરેશન દરમિયાન આજ વહેલી સવારથી જ મોટેરા આશ્રમ પર જામો લગાવી દેવામાં આવ્યો હતો. તેમજ આશ્રમમાં કોઈના પ્રવેશ પર કે લોકોને આશ્રમમાંથી બહાર નીકળવા પર પ્રતિબંધ લગાવી દીધો હતો. આ અંગે આસારામના સાધકોએ આસારામ-નારાયણ સાંઈ સામેના આરોપોને તદ્દન જુઠા હોવાનું જણાવ્યું છે. તેમજ આસારામના પત્નીએ કોઈપણ પ્રકારનું નિવેદન આપ્યું હોવાનો ઈન્કાર કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે તેમનું કોઈ જ વિડીયો રેકોર્ડિંગ અમે જોયું નથી.

સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે આજે વહેલી સવારે મોટેરા આશ્રમમાં પ્રાર્થના ચાલી રહી હતી, ત્યારે સુરત પોલીસે ચુપકીદીથી ચાપો માર્યો હતો. ભૂતડા (ડીસીપી)ની આગેવાનીમાં સુરતના મહિલા પીઆઈ, મહિલા ડીવાયએસપીસ, એસઆરપી અધિકારીઓ સહિતની ૧૦૦ પોલીસ જવાનોની ટીમ સાથે છાપો માર્યો હતો. જેની જાણ આજુબાજુના લોકોને પણ પડી નહોતી. સર્ચ ઓપરેશન માટે ૧૫ જેટલી ગાડીઓનો કાફલો આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ આસારામના કહેવાતા ટ્રસ્ટી કૌશિક વાણીને સાથે લઈને સર્ચ ઓપરેશન માટે આવી છે. પોલીસ આશ્રમને ખૂણે ખુણો તપાસી લેશે. વાણી પણ આસારામના રાજ જાણતો હોવાથી કેટલાય મહત્વના પુરાવાઓ સામે આવે તેવી શક્યતાઓ છે. તેમજ પોલીસને સાંઈની ખુટતી કડીઓ પણ મળે તેવી શક્યતાઓ સુત્રો જણાવી રહ્યા છે. બીજી તરફ આસારામના સાધકોએ બાપુ નિર્દોષ હોવાનો દાવો કર્યો છે.

હવે મુખ્યમંત્રી મોદીની ઓફિસમાં પત્રકારો માટે નો-એન્ટ્રી

આઈબીની ચેતવણીના પગલે નિર્ણય

ગાંધીનગર, તા.૨૧

તાજેતરમાં ઈન્ટેલિજન્સ બ્યુરોએ નરેન્દ્ર મોદીની સોપારી આઈએસઆઈએ દાઉદને સોંપી હોવાનો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો જેમાં જણાવાયુ હતુ કે આતંકવાદીઓ પત્રકારના વેશમાં નરેન્દ્ર મોદી પર હુમલો કરવાનો પ્લાન કરી રહ્યા છે. ગુપ્તચર ખાતની આ ચેતવણીના પગલે હવે નરેન્દ્ર મોદીની ઓફિસ તેમજ ગાંધીનગરના સ્વર્ણિમ સંકૂલમાં પત્રકારોની એન્ટ્રી પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસથી નરેન્દ્ર મોદી આતંકવાદીઓના નિશાના પર છે. તાજેતરમાં જ ખબર પડી હતી કે આતંકવાદી સંગઠન ઈસ્લામિક મુવેમેન્ટ ઓફ ઈન્ડિયા છત્તીસગઢના પ્રમુખ અને પટના બ્લાસ્ટના મુખ્ય આરોપી ઉમર સિદ્દિકીએ પટનામાં હુંકાર રેલી દરમિયાન નરેન્દ્ર મોદીને નિશાન બનાવીને બ્લાસ્ટ કર્યા હતા જો કે સદનસીબે નરેન્દ્ર મોદીને કોઈ પણ પ્રકારની હાની થઈ ન હતી. આ જ ઉપરાંત પાકિસ્તાની જાસુસી સંસ્થા આઈએસઆઈએ નરેન્દ્ર મોદીને મારવાની સોપારી અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમને આપી હોવાની ચર્ચા ચાલી રહી છે.

બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળના ભાઈ-ભાભીનું જીવન પર્વ ઉજવાયું

ભાજપ-કોંગ્રેસ સહિત રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા : વિપુલ ચૌધરીની હાજરીથી અનેક તર્ક-વિતર્ક

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૨૧

જીવનમાં જીવતે જગતીયું કરવાના પર્વોઆપણા સમાજ જીવનમાં બનતા ખરેખર હર્ષની લાગણી થાય છે. ત્યારે પાલનપુર ખાતે આવેલી બનાસ ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળના મોટા ભાઈ અને ભાભી ઓખાભાઈ અને ભીખીબેન નું જીવન પર્વ (જલો) રતનપુર ખાતે ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો.

જીવન પર્વ કાર્યક્રમમાં બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, પાટણ સહિત અમદાવાદ અને રાજયના પાટનગરથી સમાજના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં કોંગ્રેસ અને ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં રાજયના મંત્રી પરતભાઈ પટેલે હાજર રહી પ્રસંગને દિપાવ્યો હતો.

ઉપસ્થિત સર્વેએ ભટોળ પરિવારને દિપાવલી અને નૂતનવર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ ભટોળ પરિવારના પુત્ર અને પૂર્વ ધારાસભ્ય વસંતભાઈ ભટોળ, હરેશભાઈ ભટોળ અને ભરત ચૌધરીની ભાજપ-કોંગ્રેસના આગેવાનોને એક મંચ ઉપર લાવવાની મહેનત ફળી હતી.

આ પ્રસંગમાં ડેરીની ચૂંટણીમાં સામ સામે આવેલા શંકરભાઈ ચૌધરી, હરિભાઈ ચૌધરી અને મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેન વિપુલ ચૌધરીની હાજરીથી સૌ અચંબિત થઈ ગયા હતાં.

જલો કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ જોષી., જી. ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ, લક્ષ્મીબેન, ગેનીબેન ઠાકોર, ડી.વાય.એસ.પી. પી.જે. ચૌધરી સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે પધારેલા મહાનુભાવોનો ભટોળ પરિવાર દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

કોર્ટે સાંઈની આગોતરા જામીન અરજીને રદ્દ કરી : સાઈને હાજર થવા કોર્ટનું ફરમાન

અમદાવાદ, તા.૨૧

સુરતના જહાંગીરપુરામાં નારાયણ સાંઈ વિરૂદ્ધ નોંધાયેલા બળાત્કાર કેસમાં સાંઈની આગોતરા જામીન અરજી પર ચુકાદો આવી ગયો છે. સાંઈની આગોતરા જામીનની અરજી ફગાવી દેવામાં આવી છે. નારાયણ સાંઈ હજુ સુધી પોલીસ ગિરફતારમાં આવ્યો નથી. અને હાલમાં જે સુરત કોર્ટે સાંઈ સહિતના સાધકોને ભાગેડુ જાહેર કરી ૩૦ દિવસમાં કોર્ટ કે તપાસ અધિકારી સામે હાજર થવાનું ફરમાન કર્યું છે. બળાત્કારના કેસમાં ભાગેડુ કરાયેલા નારાયણ સાંઈ દ્વારા સેસન્શ કોર્ટમાં સીઆરપીસી ૮૨ મુજબનું જાહેરનામું રદ કરવા સંદર્ભે થયેલા અરજી પર સુનવણી થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે પોતાની સેવિકા પર ગુજારવાની ફરિયાદ દાખલ થયા બાદ નાસતા ફરતા નારાયણ સાઈને પહેલા પોલીસે સીઆરપીસી ૭૦ મુજબની નોટીસ મોકલી તપાસ ટીમ સમક્ષ હાજર થવાનું ફરમાન કર્યું હતું. જો કે નારાયણ સાંઈ હાજર ન થતાં પોલીસે ૧૧મી નવેમ્બરના રોજ નારાયણ સાંઈ સામે સીઆરપીસી ૮૨ મુજબ ભાગેડુ જાહેર કરતી અરજી ચીફ કોર્ટમાં કરી હતી. જેને કોર્ટે મંજુર કરી નારાયણ સાંઈને ભાગેડુ જાહેર કર્યો હતો.

પેસેન્જર તરીકે રીક્ષામાં બેસાડીને લૂંટનો પ્રયાસ કરી રહેલ બે શખ્સને પકડી પડાયા

અમદાવાદ, તા.૨૧

શહેરના રાણીપ વિસ્તારના રાધાસ્વામી રોડ પર આજે સવારે પેસેન્જર તરીકે એક મહિલાને રીક્ષામાં બેસાડીને તેની પાસે રહેલ મુદ્દામાલના લૂંટનો પ્રયાસ કરી રહેલ ટોળકીના બે ઈસમોને સ્થાનિક લોકોએ ઝડપી પાડ્યો છે જ્યારે બે ઈસમો ફરાર થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદી જાગૃતિબેન દિલીપભાઈ પટેલએ રાણીપ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરાર ઈસમોને ઝડપી પાડવા પોલીસે ચકો ગતિમાન કર્યા છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, જાગૃતિબેન આજે સવારે રાણીપના રાધાસ્વામી રોડ પરથી અન્ય જગ્યાએ જવા માટે રીક્ષામાં બેઠા રિક્ષામાં અગાઉથી જ અન્ય પેસેન્જરો હતા. રીક્ષામાં બેઠા બાદ એક પેસેન્જરે તેમની પાસે રહેલા થેલામાંથી મુદ્દામાલની લૂંટ ચલાવવાનો પ્રયાસ કરતા નજીકના જાગૃતિબેને એકાએક બુમ પાડવા લાગ્યા. જેથી નજીકના સ્થાનિક લોકો ભેગા થઈને રફીક મુહાજુદ્દીન તથા મોસીન અનવર હુસેનને પકડી પાડ્યો જ્યારે અન્ય બે ઈસમો ફરાર થઈ ગયા.

શબ્દાવલી - ૫૨૩૪



આડી ચાવી

૧. આકાશ, ગગનમંડળ (૪)
૪. 'અપર' શબ્દ આડોઅવળો (૩)
૬. ઉધાર અને... (૨)
૭. મેળવવું, પ્રાપ્તિ (૪)
૯. યાચના કરવી (૩)
૧૦. પરીક્ષા (૨)
૧૧. અળવીતરૂં (૫)
૧૪. સમાપ્તિ, છોડી દેવું તે (૪)
૧૬. ચુલો (૨)
૧૭. નિસાસો (૩)
૧૮. બાપુજી, બાપુજીના મોટાભાઈ (૨)
૧૯. વિનયી, વર્તણૂંક (૪)
૨૦. એક પ્રકારની ગરમી, ... ગરમી (૨)

ઊભી ચાવી

૧. અધવચ્ચે (૫)
૨. મનાવવું (૪)
૩. માફી (૨)
૫. પૂજન..., અર્ચના કરવી (૩)
૭. બગીચો (૪)
૮. પૃથ્વીનું બહુ ઊંડુ તળ (૩)
૧૧. અરજ (૨)
૧૨. ડખલગીરી (૪)
૧૩. કાનનું એક ઘરેણું, ડાંડીયા..., થાકી જવું (૨)
૧૪. ભરોસો (૩)
૧૫. એક ચોપગું પ્રાણી (૩)

શબ્દાવલી ૫૨૩૩ના જવાબ

આડી ચાવી :- (૧) સરઘસ (૪) ચૌદસ (૭) મફત (૯) લાગ (૧૦) સારસબેલડી (૧૧) સરાણ (૧૬) ગંધાર નરેશ (૧૭) ડેની (૧૮) ચાક (૧૯) અરસપરસ

ઊભી ચાવી :- (૧) સરકસ (૨) ઘમસાણ (૩) સફર (૫) દલાલ (૬) સગડી (૮) તપસા (૧૨) રાજધાની (૧૩) જાનદાર (૧૪) તાશ (૧૫) બારકસ (૧૬) ગંડેરી (૧૮) ચાર

પાલનપુર અપહરણ મામલો : માસુમ હર્ષીતનો મૃતદેહ તાપી કિનારેથી મળી આવ્યો

તાંત્રીક વિધી માટે બાળકની હત્યા કરાઈ હોવાની આશંકા

મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે સુરત સિવિલ ખસેડવામાં આવ્યો

અમદાવાદ, તા.૨૧

સુરતનાં રાંદેર રોડ ઉપર પાલનપુર જકાતનાકા વિસ્તારમાં રહેતા અને ખાનગી હોસ્પિટલમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા બનેવીએ તેના સાળાના માસુમ પુત્રને તાપીમાં ફેંકી દીધાના બનાવે ભારે ચકચાર મચાવી છે. આ ઘટનામાં ત્રીજે દિવસે બાળકની લાશ વેલેન્ટાઈન સિનેમાની પાછળના બાગે આવેલી તાપી કિનારેથી મળી આવતા પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. હાલ પોલીસે મૃતક હર્ષીતને કબ્જે લઈ તેને પોસ્ટમોર્ટમ અર્થે નવી સીવીલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો.

બે દિવસ અગાઉ જ પાલનપુર જકાતનાકા વિસ્તારમાં રહેતા અને જમીન દલાલીનું કામ કરતાં ધીરેન જોગડિયાના પાંચ વર્ષીય પુત્રનું અપહરણ કરી ખુદ તેના જ બનેવી નરેશ પંડ્યા ભાગી છુટ્યો હતો. આ ઘટનામાં કલાકમાં આવું છું એમ કહી ગયેલો નરેશ વેળાસર નહીં આવતાં નિતાબેન તથા ધીરેનભાઈએ તેને ફોન કરવા માંડ્યો હતો. નરેશે ફોન રિસીવ નહીં કરતા જોગડીયા દંપત્તિ તેના ઘરે ગયું હતું. સાડા નવેક વાગ્યે ઘરે જોયું તો નરેશ આરામથી ઉંઘતો હતો. નરેશને હર્ષીત અંગે પુછવામાં આવતાં તેણે કહ્યું કે મેં તો તેને ઘર પાસે મુકી દીધો હતો. નરેશે સંતોષકારક જવાબ નહીં આપતાં તેને પોલીસ મથકે લઈ જવાયો હતો.

ઉલ્લેખનીય છે કે શરૂઆતમાં તો પોલીસને પણ પહેલા નરેશે ગોળ ગોળ ફેરવી હતી. જો કે, પાછળથી કડકાઈ દાખવતાં નરેશે ચોંકાવનારી વાત કરી હતી. નરેશે પોલીસને કહ્યું કે તેણે હર્ષીતને તાપીમાં ફેંકી દીધો હતો. પોલીસે નરેશની વધુ તપાસ કરી તો નરેશે કહ્યું કે હર્ષીતનું ઓએનજીસી પુલ ઉપર ફરવા લઈ ગયો હતો. જ્યાંથી તેને તાપીમાં ફેંકી દીધો નરેશની કબુલાતના આધારે રાતોરાત ફાયર બ્રિગેડને બોલાવી રાતોરાત તાપીમાં તપાસ કરાવાઈ હતી. રાતે કંઈ નહીં મળતા લાશ્કરોને લઈ પોલીસે મંગળવાર તથા બુધવારે આખો દિવસ હર્ષીતને શોધખોળ કરી હતી. જો કે તેનો ક્યાંક પત્તો લાગ્યો ન હતો. શરૂઆતમાં નરેશ પોલીસને ગોળગોળ ફેરવતો હોવાની શંકા વ્યક્ત કરી હતી. જેથી પોલીસે રાંદેર પાલનપુર તથા ઓએનજીસી બ્રીજ પાસે લાગેલા સીસીટીવી કેમેરાનાં ફુંટેજ ચેક કર્યા હતા. દરમિયાન નરેશ હર્ષીત સાથે જતો નજરે પડ્યો હતો. જેથી પોલીસે ઓનએનજીસી બ્રીજ પાસે હર્ષીતની શોધખોળ કાર્યરત રાખી હતી. જ્યાં એકાએક ગુરૂવારે બપોરના સમયે હર્ષીતની લાશ પીપલોદ વેલેન્ટાઈન સિનેમાની પાછળ આવેલ તાપી કિનારે મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. હર્ષીતની લાશ મળી હોવાની વાત વાયુવેગે ફરતા ઉંમરા પોલીસ તતા ઉચ્ચ અધિકારીનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. બાળકને મૃત હાલતમાં જોતાં જ હર્ષીતના પરિવારજનોના હોંશકોશ ઉડી ગયા હતા. માતા જોરજોરથી આક્રંદ કરવા લાગતા વાતાવરણ ગમગીન બની ગયું હતું. હાલ પોલીસે હર્ષીતના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે નવીસીવીલ હોસ્પિટલ મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)
જાહેર નિવિદા નં.-૩ સનેર ૨૦૧૩-૧૪

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ગાંધીનગરની વડી કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે સીલબંધ કવરમાં સ્પીટ પોસ્ટ રજી. પોસ્ટ / કુરીયરથી ભાવો મંગાવવામાં આવે છે.

અનું નં.	કામની વિગત	ભાવ પત્રક ફી	ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ	સ્વીકાર કરવાની છેલ્લી તારીખ	ભાવપત્રક ખોલવાની તારીખ
૧.	સાહિત્ય/બ્રોસર છાપકામ/ડીઝાઈન તથા બાઈન્ડીંગ કામ અંગેના ભાવો મોકલવા બાબત	રૂ. ૩૦૦/-	૩૦/૧૧/૧૩	૧૦/૧૨/૧૩	૧૨/૧૨/૧૩

નોંધ : કોરા ભાવપત્રક ફોર્મ આસી. જન.મેને. (વહીવટ) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, રજો માળ, બ્લોક-૧૨, સચિવાલય, ગાંધીનગર વહીવટી શાખામાંથી અરજી સાથે ભાવપત્રક ફી રોકડેથી ભરપાઈ કર્યા બાદ ઈસ્યુ કરવામાં આવશે. ભાવપત્રક અંગે વધુ વિગત માટે ફોન નં. ૨૩૨૫૨૩૮૭ તથા ૨૩૨૫૨૭૧૯ સંપર્ક કરવાનો રહેશે.

વેબસાઈટ : www.sardarsarovardam.org
આસી. જનરલ મેનેજર (વહીવટ)
માહિતી/૧૬૭૯/૧૩-૧૪
સસનનિલિ, ગાંધીનગર

આરોગ્ય ચકાસણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાન્યુઆરી સુધી આ કાર્યક્રમ ચાલશે. આ કાર્યક્રમની સાથે આરોગ્ય સમાહનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાળા અને ગામની સફાઈ, સાંસ્કૃતિક કાર્યક્રમ, આરોગ્ય ક્વીઝ, આરોગ્ય વિષયક પ્રદર્શન, વક્તૃત્વ સ્પર્ધા જેવા કાર્યક્રમો યોજી અને તેની ઉજવણી કરાશે.

તેમણે જણાવ્યુ હતુ કે તબીબી અધિકારી દ્વારા ચકાસણી પછી બાળકને જો સંદર્ભ સેવા જરૂરી જણાશે તો તે પણ આપવામાં આવશે.

ડૉ. જાગાણીએ જણાવ્યુ હતુ કે કૂપોષણથી પીડાતા બાળકોની ચકાસણી પણ આ ઝુંબેશ દરમ્યાન વિશેષ કરવામાં આવશે.

ડૉ. જાગાણીએ જણાવ્યુ હતુ કે ફોર 'ડી' હેઠળ ચકાસણીનો વ્યાપ આ વેળાએ વિસ્તૃત કરવામાં આવ્યો છે. બાળકોને તપાસને અંતે હેલ્થકાર્ડ પણ આપવામાં આવનાર છે. તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં ગત વર્ષે ૮૨ જેટલા બાળકોને હૃદય, કિડની અને કેન્સરની સારવાર આપવામાં આવી હતી.

૦ થી ૬ વર્ષની આયુ ધરાવતા બાળકોની તપાસ માટે પણ વિશેષ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. તેમ પણ તેમણે જણાવ્યુ હતુ. શાળા-આરોગ્ય ચકાસણી માટે તબીબી અધિકારીઓને તેમજ કર્મચારીઓને ખાસ તાલિમબદ્ધ પણ કરવામાં આવ્યા છે.

હાજીપુર મંથન કેમ્પસ ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ, ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર, કારોબારી ચેરમેન શ્રી રામાજી ઠાકોર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેકવાન દ્વારા કાર્યક્રમનો શુભારંભ થશે. આ જ પ્રમાણે દરેક તાલુકામાં પણ વિશેષ કાર્યક્રમો મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાશે.

મનપા દ્વારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને બે સી.બી.એચ.વી.નો સમાવેશ થયેલ છે. આ માટે સી.એમ. પટેલ નર્સીંગ કોલેજ દ્વારા નર્સીંગ સ્ટુડન્ટસનો સહયોગ મળી રહેલ છે. આ વર્ષના શાળા આરોગ્ય રાષ્ટ્રીયબાળ સ્વાસ્થ્ય કાર્યક્રમમાં જન્મથી ૬ અઠવાડીયા સુધીના તમામ બાળકોનું સ્ક્રીનીંગ કરીને તેમને જન્મજાત ખોડખાંપણ, ઉણપ, રોગ અને વિકાસ વૃદ્ધિ અંગેની ખામીને ઓળખી અને યોગ્ય સારવાર કરવામાં આવશે. આને ૪-ડી (ડીફેકર, ડેફીસીયન્સી, ડિસીસ અને ડીસસેબીલીટી એન્ડ ડીલેય ઈન ડેવલોપમેન્ટ) તરીકે ઓળખવામાં આવે છે. ૪ડી પદ્ધતિ અનુસાર જુદી જુદી ૩૦ પ્રકારની પરિસ્થિતિઓને ઓળખવામાં આવનાર છે. આ વર્ષે સરકારશ્રી દ્વારા કોકલીયર, ઈમ્પ્લાન્ટ, થેલેસેમીયા જેવા તમામ રોગોની સારવારનો સમાવેશ કરવામાં આવેલ છે.

ગત વર્ષે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૫૭૪૨૦ બાળકોની તપાસ કરવામાં આવેલ હતી. તેમાં ૧૯ હૃદયના, ૬ કીડનીના અને ૨ કેન્સરના દર્દીઓને શોધી તેમની સારવાર કરવામાં આવેલ છે. કૂલ ૬૨૫ બાળકોને સંદર્ભ સેવાઓ આપવામાં આવેલ હતી. જેમાં મુખ્યત્વે પાંડુરોગ, ડેન્ટલ કેરી અને દૃષ્ટીખામી બાળકો હતા. જેમને સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર દ્વારા સારવાર આપવામાં આવેલ હતી.

વિભાગોને તાકિદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉપરાંત જયાં આખરી પ્રત્યુત્તર પાઠવવામાં વિલંબ થાય તેમ હોય ત્યાં વચગાળાનો પ્રત્યુત્તર તુરત જ પાઠવવા માટેની કાર્યવાહી કરવા માટે તમામ વિભાગોના વડાઓને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સંસદસભ્યો ધારાસભ્યો ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા રાજયના મુખ્ય સચિવને સંબોધિત કરીને પાઠવવામાં આવતા અર્ધ સરકારી પત્રો અંગેનું પણ એક પ્રેઝન્ટેશન સામાન્ય વહીવટ વિભાગના વસુતાપ્ર પ્રભાગ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. જેમાં એવું જણાવાયું હતું કે બાકી પત્રોમાં મહત્તમ પત્રો મહેસુલ વિભાગના પડતર પ્રશ્નો છે. ૬ માસથી વધુ સમયથી પડતર હોય તેવા પત્રોનો અગ્રાતાના ધોરણે નિકાલ કરવા અને બાકીના પડતર પત્રોમાં આખરી પ્રત્યુત્તર પાઠવવામાં કોઈ મુશ્કેલી હોય તો મુખ્ય સચિવના ધ્યાને મૂકી કેન્દ્ર સરકારને સમયસર પ્રત્યુત્તર પાઠવવા માટે વિભાગોને સૂચના આપવામાં આવી છે.